**સાયલાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ:સાયલા, જી.સુરેન્દ્રનગર.**

**<u>ફોજદારી કેસ નં.૪૨૪/૨૦૨૨</u>**
**<u>આંક:–</u>**

ફરીયાદી– શ્રી સરકાર.

**–વિરૂધ્ધ–**

આરોપી– અલ્પેશભાઈ લઘરાભાઈ ગાબુ,
રહે–ધજાળા,તા.સાયલા જી.સુરેન્દ્દનગર.

## <u>ચુકાદો</u>

આ કામે હાલના આરોપી સામે **પ્રોહી ૬૬(૧)બી, એમ.વી.એકટ કલમ–૧૮૫** મુજબના ગુનાનું ચાર્જશીટ આ કોર્ટ સમક્ષ દાખલ થયેલું છે.

આરોપીને સમન્સ બજતા, આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે. વધુમાં આરોપી મૌખિક રજુઆત કરે છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે તથા તેમના કુટુંબની ભરણ–પોષણની જવાબદારી તેમના ઉપર છે. જેથી તેમને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતા આરોપીએ ગુનો કબુલ કરેલ હોઈ અને તેઓ કુટુંબ કબીલા વાળા માણસ હોઈ તથા ગરીબ વર્ગના માણસ હોઈ તેઓની સામેનો આક્ષેપ એમાં આ ગંભીર પ્રકારનો ગુનો ન હોઈ જો આરોપીને વાજબી રકમનો દંડ કરવામાં આવે તો તે ન્યાયી અને વાજબી જણાય છે. તેથી નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

## <u>હુકમ</u>

૧)ક્રિ.પ્રો.કોડ ૨૫૨ મુજબ આરોપીને **પ્રોહી ૬૬(૧)બી, એમ.વી.એકટની કલમ–૧૮૫** મુજબ દોષી ઠરાવી આરોપીને **રૂા.૧,૦૦૦/–(અંકે એક હજાર પુરા)**નો દંડ ફરમાવું છું. જો આરોપી દંડ ન ભરે તો આરોપીને **દિન–૨** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૨) મુદામાલ મહિન્દ્રા કંપનીની બોલેરો ગાડી જી.જે.૧૩.એન.એન.૩૪૧૧ માલીકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૧૦/૨૦૨૨
સાયલા

પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડિ.મેજી.ફ.ક.સાયલા
(UI Code : GJ.01427)